# <u>પ્રેસનોટ</u>

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીની કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી કોલેજ દવારા કાપણી પછીની તજજ્ઞતા અંગેની યોજના અંતર્ગત ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, નવી દિલ્હીનાં સહયોગથી માંગરોળ તાલુકાનાં વિરોલ ગામે રામદેવજી સેવા સહકારી મંડળી ખાતે એગ્રો પ્રોસેસીંગ સેન્ટરની સ્થાપના કરવામાં આવી છે. ખેડુતોની ખેત પેદાશોનું પ્રોસેસીંગ ગામડામાં જ થાય અને તેમને મહત્તમ નફો મળે તથા મહદ અંશે રોજગારીની તકો પણ ઉભી થાય તે આ યોજનાનો મૂળભુત હેતુ છે. ગામ લોકો સંચાલિત આ કેન્દ્ર ખાતે મીની ઓઈલ મીલ તથા ગ્રેડર મશીન મુકવામાં આવ્યા છે.

આ એગ્રો પ્રોસેસીંગ સેન્ટરનું ઉદઘાટન તા. ૨૬/૬/૨૦૧૨નાં રોજ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીનાં કુલપતિશ્રી, ડો. એન. સી. પટેલ સાહેબનાં વરદ હસ્તે કરવામાં આવ્યું. આ પ્રસંગે ખેડુતોને સંબોધતાં તેમણે કહયું કે, ખેડુતોએ પોતાનો પાક સીધો જ બજારમાં મુકવાનાં બદલે પ્રોસેસીંગ કરીને બજારમાં મુકે તો તેમનાં પાકનું મૂલ્યવર્ધનથી આર્થિક વળતર વધુ મળી શકે છે. ઉપરાંત ગ્રામ્ય લેવલે રોજગારીમાં વધારો થઈ શકે તેમજ ગ્રામ્ય લોકોને શુધ્ધ ખોરાક મળી શકે છે. આવા એગ્રો પ્રોસેસીંગ સેન્ટરનો ગામડાનાં લોકો વધુમાં વધુ ઉપયોગ કરે તેવી ભલામણ કરેલ.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત સહ સંશોધન નિયામકશ્રી, ડો. આઈ. યુ. ધ્રુજ સાહેબે જણાવ્યું કે, ખેડુતોની આબાદી તેના માલના મહત્તમ વળતરથી જ થાય છે. જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દવારા થયેલ વિવિધ સંશોધનનો મહત્તમ લાભ લેવા તેમણે અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે આગાખાન રૂરલ સપોર્ટ પ્રોગ્રામ (ઈન્ડીયા)નાં રીજીયોનલ મેનેજરશ્રી પંકજભાઈ દવે એ પણ ગ્રામ્ય સુખાકારી માટે પ્રોસેસીંગ મશીનરીનો વધુમાં વધુ ઉપયોગ કરવા જણાવેલ.

આ પ્રોજેકટની વિશિષ્ટતા અંગે વાત કરતાં કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી કોલેજનાં આચાર્યશ્રી પ્રો. જે. બી. સવાણી સાહેબે જણાવ્યું કે ભારતભરનાં કુલ ૩૮ કેન્દ્રોમાંથી ગુજરાત રાજયનાં આ એક માત્ર કેન્દ્રની ઉત્તમ સફળતાની નોંધ ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, નવી દિલ્હીએ પણ લીધી છે.

આ કાર્યક્રમનાં પ્રારંભે યોજનાનાં સંશોધન ઈજનેરશ્રી પ્રો. એમ. એન. ડાભીએ સર્વેનું સ્વાગત કર્યુ હતું. જયારે એગ્રો પ્રોસેસીંગ સેન્ટર અંગેની વિગતો એગ્રો પ્રોસેસીંગ પોલીટેકનીકનાં આચાર્યશ્રી પ્રો. ડી. એમ. વ્યાસ સાહેબે આપી હતી. જયારે ડો. એન. કે. ગોંટીયા સાહેબે આભારવિધિ કરી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા યોજનાનાં સમગ્ર સ્ટાફ, રામદેવજી સેવા સહકારી મંડળીનાં પ્રમુખ તથા સભાસદો અને આગાખાન રૂરલ સપોર્ટ પ્રોગ્રામ (ઈન્ડીયા)નાં માંગરોળ ખાતેનાં સ્ટાફે મહેનત કરી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રો. પી. આર. ડાવરાએ કર્યુ હતું.